મિત્ર એ જ કે જે તમને પામરમાંથી પરમ તરફ લઇ જાય
- વિદૂર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૨૬ | ૧૬ જુલાઇ, ૨૦૧૩, મંગળવાર; અષાઢ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં 'શહેરોના સર્વાંગી વિકાસ' પર કાર્યશાળા

## મહાત્મા મંદિરે ૨૯મીએ યોજાનાર ચિંતન બેઠક અને કાર્યશાળામાં શહેરી વિકાસ માટે નવી યોજનાઓની ઘોષણાના સંકેતો સાથે આંતરમાળખાકીય સુવિધાના કામોના ચેકોનું પણ વિતરણ થશે

ગાંધીનગર, તા.૧૫

આગામી ૨૯મી જુલાઈના રોજ રાજયના ઝડપી થઈ રહેલા શહેરીકરણને ધ્યાને રાખી 'શહેરોના સર્વાંગી વિકાસ' અંગેની એક વિશેષ કાર્યશાળા તથા આ માટે અનુદાનના ચેકોનું વિતરણ કરવા અંગેનો એક સમારોહ મહાત્મા મંદિર ખાતે યોજાશે.

શહેરી વિકાસ વિભાગ દ્વારા આ અંગેની તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ માટે રાજયની ૮ મહાનગરપાલિકાઓ તથા ૧૫૦થી વધુ નગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓને આમંત્રણ આપવામાં આવશે.

સાડા સાતસોથી વધુ પદાધિકારીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાનાર આ કાર્યશાળામાં રાજયમાં વધુ ઝડપથી થઈ રહેલા શહેરીકરણને લઈ વિસ્તૃત ચિંતન કરવામાં આવશે. ખાસ કરીને આંતર માળખાકીય સુવિધાના વિકાસને વધુ અગ્રતા આપવા પર ભાર મુકવામાં આવશે.

રાજયમાં ૨૦૦૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવણી કરાયા બાદ સાત વર્ષ પછી શહેરી વિસ્તારોની સમસ્યાઓને લઈ સરકાર વધુ ચિંતીત બની છે. તાજેતરમાં પણ વસ્તી ગણતરીના જે પરિણામો આવ્યા છે તેને ધ્યાને રાખી હવે સરકારે શહેરીકરણની સમસ્યા સાથે સાથે સર્વાંગી વિકાસ કેવી રીતે શકય બને તેના માટે આ ચિંતન બેઠકનું આયોજન કર્યું છે.

આ બેઠકમાં શહેરીકરણમાં વિકાસના કામોને લઈ બે થી ત્રણ ટૂંકી ફિલ્મો, શહેરી વિકાસ માટે મુખ્યમંત્રી સ્વર્ણીમ શહેરી વિકાસ અંતર્ગત હાથ ધરાયેલ કામો અંગે તેમજ તેની પ્રગતિ અંગે પણ સમીક્ષા કરવામાં આવશે.

શહેરી વિકાસ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ તાજેતરમાં વિભાગ દ્વારા વિવિધ કામોને મંજૂરી આપવામાં આવી છે તે પેટે ગ્રાન્ટની રકમના ચેકોનું વિતરણ પણ આ કાર્યશાળામાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવશે.

શહેરી વિસ્તારમાં આરોગ્યની સુવિધાઓ તેમજ સફાઈના મુદ્દે પણ વિશેષ ચર્ચાઓ આ કાર્યશાળામાં કરવામાં આવે તેવી સંભાવનાઓ છે.

તાજેતરમાં વર્ષારંભે સંપન્ન થયેલ વાયબ્રન્ટ સમીટ દરમિયાન 'ઝીરો બેઝ પોલ્યુશન' અંગે થયેલા એમ.ઓ.યુ. તેમજ શહેરી વિસ્તારમાં આરોગ્યની સુવિધાઓના સઘનીકરણ અને માસ ટ્રાન્સપોર્ટેશનને લઈ ખાસ સેમિનારોનું પણ આયોજન વિચારાયું હોવાનું જાણવા મળેલ છે.

શહેરી વિકાસ વિભાગ અને ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપનીના સંયુકત ઉપક્રમે આ કાર્યશાળા યોજવામાં આવી રહી છે. મહાત્મા મંદિર ખાતે આખા દિવસની આ કાર્યશાળા યોજાવાની હોઈ તે માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

રાજય સરકાર દ્વારા શહેરી વિસ્તારોમાં એફોર્ડેબલ હાઉસીંગ, શહેરી વિસ્તારોના નવા વિકાસ નકશાઓ તેમજ શહેરી વિસ્તારોમાં વિકાસ પથ, પ્રગતિ પથ જેવી નવી માર્ગની યોજનાઓની પણ સમીક્ષા કરી કોઈ નવી યોજનાની જાહેરાત થાય તેવી સંભાવનાઓના પણ સંકેત મળી રહ્યા છે.

### સર્વાંગી શહેરી વિકાસ અન્વયે ગુડાના વિકાસ કામોને વેગ મળશે

સર્વાંગી શહેરી વિકાસ અન્વયે ગુડા વિસ્તારના વિકાસ કામોને વેગ આપવા સરકાર દ્વારા કરોડો રૂપિયાની ફાળવણી કરવામાં આવશે. આગામી તા. ૨૯ જુલાઈના રોજ આ અન્વયે કાર્ય શિબિર તેમજ ચેક વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તાજેતરમાં સરકાર દ્વારા મહાનગરપાલિકાઓને વિકાસલક્ષી કામગીરી માટે રૂ. ૧૧૫૦ કરોડ ફાળવવામાં આવ્યા હતા. જેમાં ગાંધીનગરનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. જ્યારે આગામી તબક્કામાં સ્થાનિક શહેરી વિકાસ સત્તામંડળોને વિકાસકામો અન્વયે રકમ ફાળવવામાં આવશે. ગુડાને પણ સર્વાંગી શહેરી વિકાસ અન્વયે મોટી રકમ ફાળવવામાં આવે તેવી સંભાવના છે. ગુડા વિસ્તારમાં હાલ અનેકવિધ વિકાસકામો હાથ ધરવામાં આવ્યા છે. માળખાગત સુવિધાના કામો ઉપરાંત વિકાસના નવતર અભિગમ સાથે લોકઉપયોગી કાર્યયોજનાઓ અમલી બનાવાઈ છે. આગામી દાયકાઓને અનુલક્ષી નમુનારૂપ વિકાસકામોને વેગ આપવા ગુડાએ વિકાસની નવી રૂપરેખા તૈયાર કરી છે. ત્યારે વિકાસલક્ષી યોજનાને પ્રોત્સાહિત દ્વારા શહેરી વિકાસ અન્વયે નાણાની પોટલી ખુલ્લી મુકી દેવાશે. તા. ૨૯ જુલાઈના રોજ આ મામલે ગાંધીનગર ખાતે કાર્યશિબિર અને ચેક વિતરણ કરવામાં આવશે. મુખ્યમંત્રી તેમજ શહેરી વિકાસમંત્રી પણ આ તબક્કે ઉપસ્થિત રહેશે.



પ્રાકૃતિક વૈભવની પરકાષ્ઠા : આંગણામાં સુંદર મજાના ફુલ - છોડ હોય, હરીયાળી પથરાયેલી હોય, મોર કળા કરતો હોય અને પોપટ મીઠું મીઠું બોલતા હોય આથી વધુ પ્રકૃતિનો વૈભવ ક્યો હોઈ શકે. આ તસવીર ગાંધીનગરની છે. ગાંધીનગર રાજભવનના આંગણાની છે. ગાંધીનગરના પ્રાકૃતિક આર્શીવાદની ઝલક છે. ચોમાસામાં તો ગાંધીનગર સોળે કળાએ ખીલે છે.લીલુંછમ્મ ગાંધીનગર મોરના ટહુકાથી ઘેલું બનતું ગાંધીનગર પોપટ - ચકલીના ઉડા ઉડથી રમણીય લાગતું ગાંધીનગર, સૌનું વ્હાલું ગાંધીનગર સુંદર મજાની તસવીર ગાંધીનગર માટેના ફ્રેમમાં પૂર લાવે છે.
(તસવીર : દિપક જાની)

